મધપુડો=મધમાખીએ બનાવેલો પુડો
લટકતો=ટીંગાતો
વાઘરી=શિકારી
કામળો=ઊનનું ઝુમકુ
ઓઢીને=લપેટીને
ધુણી=ધુમાડો
બગાડયું=નુકસાન કર્યું
ઘરબાર વગરનાં=રખડતાં
પારકો=પરાયો; બીજાનો

ચીજ=વસ્તુ
ઇચ્છા=મરજી
નર=પુરૂપ
છ ખુણાવાળાં=છ ખુણાના આકારના
ખાનાં=કાણાં
હુકમ=આજ્ઞા
પાળેછે=બજાવે છે
જન્મ=જીંદગાની
રક્ષણ=બચાવ
ડંખ=ચટકો
જંતુ=જીવડાં
પેસવા=દાખલ થવા
દયા=રહેમ

કવિતાના અર્થ.

હુનર=કસબ; કારીગરી
નિશાળ=ઠેકાણું
મનહર=મનને હરી લે એવો; મોહક; મોહ પમાડનાર
રચે=બનાવે
તત્કાળ=તરત
ચૂશી=શોષી
સરે=થાય
ગુણ=ફાયદો; લાભ
દીસે=દેખાય
તમામ=બધું
તજે=છોડી દે
ઉદ્યોગી=મહેનત
પંકાય=વખણાય

સાર.

દરેક માણસે હંમેશાં ઉદ્યોગ કરવો અને ચોકખાઇ રાખવી.

પાઠ ૫૩ મો.

શેખ=મુસલમાનની એક જાત
બતક=પાણી વાળી જગામાં રહેનારૂં પક્ષી
મરઘા=કુકડા
પીછાં=પીંછ
ચીકટ=ચીકાશ
ભિંજાતું=પલળતું
નબળી=કમજોર
જોડાએલાં=સંધાએલાં
દાઢ=એવડા દાંત
અણીદાર=તીણી; અણીવાળી
ઝડપથી=જલદીથી
ઉપાડી=ઉંચકી
ગળી જાય છે=ઉતારી દે છે
કુકડો=મરઘો
જાળવે=સાચવે; સંભાળે
ખડખડે=અવાજ થાય
ઢાંકી=છુપાવી
બીકણ=બીએ એવી
છેડવા=અડકવા
ધસીને દોડે છે=હુમલો કરે છે
માંજર=કલગી
દીપે છે=શોભે છે
ખોતરવાની=ખોદવાની
વાહણું વાય=સવાર થાય
રળગું છું=લાગું છું

સાર.

મરઘો સવારે, બપોરે ને સાંજે બોલે છે તેથી ચોમાસાના દિવસમાં વખત જણાય છે.

પાઠ ૫૪ મો.

બીતી=ડરતી
ફડફડ=ઉડાઉડ
કાબરી=કાબર ચીતરી
રૂ=કપાસમાંથી કપાસીઆ કાઢી લીધા પછી જે રહે છે તે
તણખલાં=તરણાં
માળો=પક્ષીનું ઘર
ખુણેખોચરે=ખુણામાં

હરેક ફેરે=હરેક વખતે
ભુરાં=આસમાની
ટપકાં=છાંટ
લગી=સુધી
રઝળીને=રખડીને
ફાયદો=ગુણ
વીણી વીણીને=શોધી શોધીને
ભો=બીક; ડર
લાગ=દાવ

પાઠ ૫૫ મો.

દેખાવ=શોભા
ગરદન=ડોચી
કેશવાળી=ઘોડાની ગરદનપરના વાળ
જાંઘ=સાથળ
નક્કર=સંગીન; ઘન
સપાટ=સરખી
લગામ=દોર
તીણા=ધારવાળા
ચપટા=બેઠેલા
ભુસું=થુલું
ચણા } કઠોળની જાત
મગ }
દાણા=અનાજ
મજલ=મુસાફરી
કાપે છે=કરે છે

પાણીદાર=જોરવાળી; તેજદાર (ઝડપથી દોરનાર)
નાળ=લોઢાના ગોળપાટા
અરબી=અરબસ્તનના
નીમકહલાલ=ખાય તેનું ભલું કરનાર; ધણીનું ભલું ચાહનાર
ધણી=માલિક
પ્રીતિ=હેત; પ્યાર
શરત=હોડ; હારજીત
ટટ્ટી=કામડાની વાડ
કુદાવે=ફલંગ મરાવે
પીઠ=વાંસો
જીન=ચામડાનું પલાણ
સવારી કરેછે=બેસી મુસાફરી કરે છે.
બરદાસ=સંભાળ

સાર.

જે પ્રાણીઓ આપણે પાળીએ તેમને કદીપણ દુઃખ આપવું નહિ તેમજ ગજા ઉપરાંત કામ કરાવવું નહિ.

પાઠ ૫૬ મો.

શેઠ=સાહુકાર
નાળબંધ=નાળ જડનાર

ખરી=જનાવરના પગના તળીઆનું હાડકું
ગધેડો=ખર
ફેર=તફાવત
ઝુમખો=જથો
ભોંખારે=હણહણે
ભુકવું=ગધેડાનું બોલવુ
વળા કરે છે=ઉંચકી જાય છે
અડીઅલ=અડી જાય એવું; જીદ્દી
ઠોઠ=અકલ વગરનો
નવાઈ=અચરતી
મહેનતુ=મહેનત કરે એવું
ધીરજવાળું=દુઃખ ખમનાર.
કહ્યાગરૂ=કહ્યા પ્રમાણે ચાલનાર
ટટ્ટુ=નાનો ઘોડો
ખચ્ચર=ગધેડીને ઘોડાના સંગમથી પેદા થએલો તે
વાળ=નિમાળા
ટુંકું=નાનું
ટુંગરા=નાના ટેકરા

સાર.

ઘોડા, ખચ્ચર, અને ગધેડાનો મુકાબલો. ત્રણેને બે આંખ, બે કાન ડોકું, મોં, માથું, પીઠ, પુંછડું અને ચાર પગ હોય છે. ત્રણેનું મોં લાંબુ હોય છે. ત્રણેના શરીરપર ટુંકા વાળ છે. પગને તળીએ ગોળ દાબડાં છે. ઘોડા અને ખચ્ચરની ડોકપર કેશવાળી હોય છે. ઘોડાને ખચ્ચરના પુછડાપર મોટા લાંબા વાળ આંખે પુછડે હોય છે. ખચ્ચરને ગધેડાના કાન લાંબાને મોટા હોય છે ગધેડા કરતાં ખચ્ચર મોટું, ને ખચ્ચર કરતાં ઘોડો મોટા હોયછે.

પાઠ ૫૭ મો.

ઓકળ ગાય=પરમેશ્વરની ગાય

તબુત=હેર

ધડ=[illegible]ઓથી પગ સુધીનો તમામ ભાગ

ડોકું=ધડની ઉપરનો ભાગ

ઉપલા=ઉપરના

મોઢું=મોં

તાળવું=મોંઢાની અંદરનો ઉપલો ભાગ

ભવાં=ભમર (આંખ ઉપરના કમાનદાર બાળ)

પોપચું=આંખનું ઢાંકણું

રજ=રજકણુ

ખાળે છે=અટકાવે છે

છેડો=નાકું

મૂળ=શરૂઆત

ગળું=બોચીની પછવાડેનો ભાગ

પાસે=બાજુએ

વચલે ગાળે=વચ્ચોવચ

કેડ=કમ્મર

વાંસો=પીઠ; બરડો

ઢીંચણુ=ઘુંટણુ

સાર.

શરીરના મુખ્ય બે ભાગ ડોકું ને ધડ છે. ડોકામાં માથું, (તેનો ઉપરનો ભાગ ખોપરી કહેવાય છે તે પર વાળ ઉગે છે) કપાળ, લમણું, કાન, આંખ, નાક, મોઢું (મોઢાની અંદર જીભ, દાંત અને તાળવું) ગાલ, ગળું, બોચી, દાઢી, હડપચી છે. ધડમાં બે હાથ, ખભા, બગલ, છાતી, પેટ, ડુંટી, પેઢુ, કેડ, વાંસો, બે પગ, જાંગ, ઢીંચણુ, નળો, પાટલી, તળીઉ, એડી, ઘુંટીછે.

પ ઠ ૫૮ મો.

આકાર=ઘાટ

ખબર=જાણુ

સ્વાદ=લહેજત

ફીકર=ચિંતા

ધબાકો=અવાજો

જ્ઞાન=સમજ

પાઠ ૫૯ મો.

રંગરેજ=રંગારો

છુટ્ટી=રજા

ઝાંખા=ફીકાં

મેળવીને=મેળવણી કરીને

સેલાં=દોપટ્ટા

સાલ્લો=બાયડીને પહેર-વાનું લુગડું
ગળીનો રંગ=કાળો રંગ
વત્તા=વધારે
ખુલતા=બહાર પડતા

પાઠ ૧૦ મો.

ઉઘાડો=નાગો; નવરસ્યો
ફાટી=ચીરાઇ

કાંતીને=તાર કાઢીને
વણે છે=બનાવે છે
દોશીવાણીઓ=કાપડીઓ
છીંટ=તરેહવાળું લુગડું
જંગલી=સમજણ વગરના
છાલ=છોડું
રંગદાર=રંગવાળા
ઢાંકણુ=કવર

રુવાંટી=ઝીણા વાળ
ગરજ સારેછે=કામ કરે છે
બીંગડાં=જાડાં પડ
જામદાની=ઝીણું બુટ્ટાદાર લુગડું
ખાસ્તો=સુતરાઉ કપડું
ખાદી=દોટી

કવિતાની સમજુતી.

કવિતા ૧ લી. **પાઠ ૨ જો.** **સવારની હકીકત.**

હે ! મારા વહાલા દીકરા તું ઉઠ, જંગલમાં પક્ષીઓ બોલે છે. (ટેક) રાત પુરી થઇ, ને સવાર પડી અને પૂર્વ દિશામાં અજવાળું થયું; તેથી જાત જાતનાં રંગ દેખાય છે, અને ઝાડનાં પાંદડાં હાલે છે. (૧) મરઘા કુકડે કુક અને કાગડા કાકા બોલે છે; રૂપાળા મેના, પોપટ અને મોર મીઠા બોલ બોલે છે. (૨) ચંદ્રમાનું અજવાળું ઝાંખું પડ્યું અને તારાનો પ્રકાશ જતો રહ્યો; ચોર લોકો અજવાળું થવાથી છુપાઇ જવાને માટે ગલીકુચી શોધે છે. (૩) ભક્ત લોકો આંખો મીચી પરમેશ્વરને જુએ છે, ગાનારાઓ ગાય છે; સુખી માણસો ઘણું દાન કરે છે, અને નિમાજ માટે સાહેબ અલ્લાનું નામ દે છે. (૪) સુરજ ઉગ્યો તેથી રાતનું અંધારું જતું રહ્યું. ભમરો ગુંગું અવાજ કરી રહ્યો છે, અને કમળના ફુલની પાંખડીઓ ઉઘડે છે. (૫) જેમ જેમ દહાડો ચડતો જાય છે, તેમ તેમ માણસો હોંસીલા થાય છે; ગગનમાં પક્ષીઓ ઉડે છે અને ટોળાં

રો ખાવાનું શોધે છે. (૬) ઝાડ, વેલા, ફળો અને ફૂલો ધીરે ધીરે ભૂલ વગર ખીલે છે; ઘણાં પક્ષીઓ એકઠાં થઇને તાજાં ફૂલો ખાવાને જાય છે. (૭) હે! ભાઈ તું ખુશી થઇને પરમેશ્વરનું નામ દઇને ઉઠ; અને ચિત્ત રાખીને પાઠ વાંચ એમ મા કહે છે. (૮)

કવિતા ૨ જી. પાઠ ૫ મો. સોબત તેવી અસર.

જેને જેવી સોબત તેવીજ અસર તેનામાં આવે છે; જેને જેવી સોબત તેવોજ પ્યાર તેનામાં આવે છે. જેને જેવી સોબત તેના જેવાંજ તે કામ કરશે; જેને જેવી સોબત તેવીજ જગાએ તે જઇને ઉભો રહેશે. સારી સોબતથી સારો થશે, અને ખરાબ સોબતથી ખરાબ થશે; સારા મહેતાજીની સોબતથી વિદ્યા ભણે (શીખે) અને નસીબવાન થાય.

કવિતા ૩ જી. પાઠ ૧૦ મો. વારંવાર કામ કરવા બાબત.

કરોળીઓ જાળ કરતાં જમીનપર પડી જાય છે, ત્યારે ગભરાય છે; અને આખે તારે ઉપર ચઢવાને માટે જાય છે. (૧) તેણે ઉપર ચઢવાને માટે મહેનત કરવા માંડી; પણ ફરીથી નીચે પડયો, અને કોઇ ઉપાય ફાવ્યો નહિ. (૨) એ રીતે (પડયો ને ચઢયો) એમ બે ત્રણ વખત વારંવાર મંડયો રહ્યો; તો પણ ફાવ્યો નહિ ત્યારે તે પાછો (ચઢવાને) તૈયાર થયો. (૩) હીંમત રાખીને ઉમંગથી છઠ્ઠીવાર મંડયો રહ્યો, અને શાંતિ રાખી તેથી તે નક્કી જાળામાં જઈ શકયો. (૪) જો વારંવાર કાળજી રાખીને, મહેનત કરી નહિ હોત તો વગર મોતે (પ્રાણીના) પગ નીચે ખુંદાઇને મરી જાત. (૫) જે માણસો એવીજ રીતે (ફરી ફરીને) મનમાં કાળજી રાખીને, આળસ છોડી દઇને મહેનત કરે; તો ઘણો ફાયદો થાય.

કવિતા ૪ થી. પાઠ ૧૫ મો. સંપીને રહેવા વિષે.

આપણે બંને જણ ભાઈ અને બેન મળી, સંપીને રમીએ તો મજા

પડે; પણ જો લડીએ રડીએ તો ઘણી દલગીરી થાય, આબરૂ ઓછી થાય ને લોકો ખોટું (નઠારૂં) બોલે. (૧) હે ! જોરાવર પરમેશ્વર બાપ તું અમને હંમેશાં સંપ આપ; (સંપી રહેવાની બુદ્ધિ આપ;) જેથી હમારા દહાડા સુખમાં જાય અને કોઈ દિવસ પણ જરા કંકાસ થાય નહિ. (૨) છોકરાં સંપીને રહેતાં હોય, ને કદીએ કોઈ લડે રડે નહિ; અને તેઓ સંપીને રમે, જમે ને ગીતો ગાય તો મા મનમાં ઘણી ખુશી થાય. (૩)

કવિતા ૫ મી. પાઠ ૨૫ મો. કુહાડી.

નાનો છોકરો બાપની કુહાડી લઇને; જોરાવર, ડાહ્યો મરદ હોય તેવો થયો; ને કંઇ પણ ચીજ જુએ, તે ઘા મારીને કાપે, એમ રમતો રમતો ગામને પાદરે તળાવ પર ગયો. (૧) ત્યાં (તળાવમાં) માછલાએ જરા પાણી હલાવ્યું, તેથી છોકરાએ પાણીની અંદર જોયું. તેથી છોકરો મનમાં બીધો અને કુહાડી પડી; તે વખતે તે જરા ઘાંટો પાડીને રડયો. (૨) હંમેશાં પાણીમાં તરતાં અને અંદર બેસી જતાં એવાં દયાળુ દેવી માતા અવાજ સાંભળીને આવ્યાં; દેવી બોલી કે આ રૂપાની કુહાડી લે, છોકરો કહેછે, કે માજી મારી કુહાડી એવી નથી. (૩) બીજી વાર સોનાની કુહાડી લાવીને બતાવી, ત્યારે છોકરો માથું હલાવીને (ના કહીને) કહે છે, કે એ મારી નહિ; મને તો મારી કુહાડી સારી (ઘણી) ગમે છે; માટે હો દયાળુ માજી તમે પાણીમાંથી મારી કુહાડી કાઢી આપો. (૪) દેવીએ તેની કુહાડી કાઢી આપી, અને છોકરા સાથે બોલ્યાં, (છોકરાને કહ્યું.) કે તને સુખ અને દોલત મળજો, અને પરમેશ્વર તારા પર દયા કરજો.(૫)

કવિતા ૬ ઠ્ઠી. પાઠ ૨૪ મો. પરમેશ્વરની મોટાઇ.

પરમેશ્વરે આ દુનીઆમાં ઘણી સારી ગોઠવણ કરી છે. તેણે આ દુ-

નીઆમાં નાના મોટા એમ ઘણી જાતના જીવો બનાવ્યા છે. (૧) તરેહ તરેહના રંગના ફૂલો ખીલી રહ્યાં છે, પક્ષીઓ ગાયન ગાયછે એટલે ટોકા કરેછે; ઝાડનાં પાંદડાં અને પક્ષીની પાંખો સારા રંગથી શોભી રહ્યાંછે. (૨) મોટા પહાડો, કરાડા, દરીઆ, નદી અને ઓવારા, (બે પહાડની વચ્ચેના રસ્તા) તથા જંગલ અને શહેરો બનાવીને આ જગતમાં ઘણી સુંદર રચના એટલે ગોઠવણ કરીછે. (૩) શિયાળામાં ટાઢો પવન વાયછે, તે સારી ઠંડક આપેછે, અને ઉનાળામાં નક્કી સુરજનો તાપ પડેછે. (૪) ચોમાસાના દિવસોમાં વરસાદ પડેછે, અને ઝાડ ઉપર ફળ લટકતાં જોવામાં આવેછે; અને મોરનો મીઠો અવાજ સંભળાયછે. (૫) અજવાળીઆમાં ચંદ્રમાનું અજવાળું જીવને ખુશાલી આપેછે, અને અંધારીઆમાં તારાના પ્રકાશનો રંગ સારો દેખાયછે. (૬) રમવાને અને મોજ ભોગવવાને માટે મોટાં મેદાન બનાવ્યાંછે; પાણીમાં વેલા અને વળી તેનાં પાંદડાં કેવાં તરતાં દેખાયછે ! (૭) પરમેશ્વરે જોવાને આંખ, સાંભળવાને કાન, બોલવાને જીભ વીગેરે આપ્યું એ સારૂં કર્યું. (૮) પરમેશ્વરે દાંત આપ્યા અને વળી તેની સાથે ખોરાક આપીને આપણા પર ઘણો ઉપકાર કર્યોછે; પેદા કરનારે એટલે પરમેશ્વરે જે જુક્તિ બનાવી છે તે સમજી શકાય એવી નથી. (૯)

કવિતા ૭ મી. પાઠ ૩૫. પાનખરરૂતુ.

વડના મોટા ઝાડપર વેલા છવાઇ રહેલા હોય, તે દેખાવ કોઇએ રહેવાને તંબુ ઉભો કર્યો હોય તેવો દેખાય છે; તંબુના ઉપર ધજા ફરકતી હોય તેની માફક કેળ, નાળિએરી અને તાડનાં ઝાડ દેખાય છે. (૧) ઝાડનાં પાકાં થઇ ગએલાં પીળાં રંગનાં પાંદડાં હોય, તે ખરીને જમીનપર પડે છે; અને વનસ્પતિને શરીરે નવાં પાંદડાં આવે છે, તેથી તે સારી દેખાય છે. (મતલબ કે વસંતરૂતુમાં જુનાં

પાંદડાં પાકાં થવાથી ખરી પડે છે, અને તેને બદલે નવાં પાંદડાં ફુટી નીકળે છે.) (૨) કોયલ મીઠા બોલ બોલે છે, અને મેના, પોપટ, ખુશાલીનાં બોલ બોલે છે; તીતર, કબૂતર વગેરે બીજાં પક્ષીઓ સારા રાગથી ગાય છે, અને સારી રીતે નાચે છે. (૩) કેસુડાનાં ફૂલનો રંગ ઘોળીને, (બનાવીને હલાવીને) લોકો હોળી રમે છે; એટલે રંગની એક બીજાપર પીચકારી મારે છે; બાગમાં ફુવારા ઉડાડે છે અને ચોક, બજારોમાં રંગનું પાણી છાંટે છે. (૪) ભમરાઓ ગું ગું અવાજ કરે છે, અને ઝાડો પર ઘણા નવા નવા રંગ દેખાય છે; આંબાપર મોર શોભી રહે છે, અને ચારે બાજુએ ચંદ્રનું અજવાળું ખીલી નીકળે છે. (૫) માણસો લહેજતથી શિખંડ ખાય છે, અને ઠંડું પાણી પીએ છે; પશ્ચિમ અને દક્ષિણના પવનથી શરીરે સુખ થાય છે. કારણ કે પશ્ચિમ અને દક્ષિણમાં દરીઆ હોવાથી ઠંડો પવન આવે છે. (૬)


કવિતા ૮ મી. પાઠ ૪૮ મો. ખેડુત વિષે.

અરે ! ખેડુત તું નક્કી જગતનો બાપ ગણાયછે; કારણ કે તું ખેતી કરે છે તેથી બધાંને ખોરાક મળે છે; આ આખી દુનીઆનું પોષણ કરનાર તુંજ જણાય છે. (૧) તું કપાસ, ફળ, ફૂલ, ઘાસ ને અનાજ પકવે છે; તેથી બધાં પ્રાણીઓ અનાજ ખાયછે, અને હોંસથી લુગડાં પહેરે છે. (૨) તું તડકો ને વરસાદ વેઠેછે, અને વળી બહુ મહેનત કરે છે; તેથી શરીરે તું જબરો રહે છે, અને હંમેશાં સંતોષી રહે છે. (૩) ખેતી નક્કી ઉત્તમ છે, અને વળી તે પારકાના પર ઉપકાર કરનારી છે; તું ઘણી કાળજીથી દુનીઆને સારી શિખામણ આપે છે. (૪)

કવિતા ૯ મી. **પાઠ પર મો.** **મધમાખ.**

હે! મધમાખી તું મહેનતું છે, અને વળી કારીગરીની નિશાળ છે; તું મોહ પમાડે એવો મધપુડો બનાવે છે, અને તરતજ તેમાં રસ મૂકે છે. (૧) મીઠું મધ ચૂશી લઇને તું મીણુ બનાવે છે; તેથી ઘણાં કામ થાય છે, અને તે (મધ ને મીણુ) ઘણો ફાયદો કરે છે. (૨) તું નાનું સરખું જીવડું છે, પણ મોટું (ઉપયોગી) કામ કરે છે; તું ડાહી અને ચોકખી દેખાય છે, અને તારામાં આળસ બીલકુલ નથી. (૩) કીડી, કરોળીઆ ને મંકોડા જે મહેનતુ જીવડાં કહેવાય છે; તેમાં પણ તુંજ વખણાય છે. (૪)

ભૂગોળની શરૂઆત.



દિશા. (પ્ર. ૧) દિશા કેટલી છે? ઉ. ચાર. (સ. ૨) દિશાનાં નામ દો. ઉ. ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ. (પ્ર. ૩) દિશા શા ઉપરથી

જાણી શકશો ? ઉ. સુરજ ઉપરથી. (સ. ૪) સુરજપરથી દિશા ઓળખવાની રીત *બોલો. ઉ. જે દિશામાં સુરજ ઉગે તે પૂર્વ; આથમે તે પશ્ચિમ. સૂર્ય સામું ઉભા રહેવાથી ડાબા હાથ તરફ ઉત્તર ને જમણા હાથ તરફ દક્ષિણ. (સ. ૫) સુરજ બીલકુલ ન દેખાય તો શા વડે દિશા પારખશો ? ઉ. ધ્રુવના તારા ઉપરથી. (સ. ૬) ધ્રુવના તારા ઉપરથી દિશા જાણવાની રીત બોલો. ઉ. ધ્રુવનો તારો હંમેશાં ઉત્તર દિશામાં હોય છે માટે એ તારા તરફની ઉત્તર, તેની સામેની દક્ષિણ; જમણા હાથપર પૂર્વ ને ડાબા હાથપર પશ્ચિમ. (સ. ૭) જે ધ્રુવના તારાને નહિ ઓળખતા હોય તો તેને માટે બીજું સાધન છે ? ઉ. હોકાયંત્ર. (સ. ૮) હોકાયંત્રપરથી કઇ દિશા જાણી શકાય ? ઉ. ઉત્તર દિશા. (એની સોય હંમેશાં ઉત્તર દિશાપર રહેછે.) (સ. ૯) દિશા જાણવાથી શું ફાયદો ? ઉ. ફલાણી જગાપરથી ફલાણી જગા કઇ દિશાએ અથવા અમુક સ્થળથી અમુક સ્થળ કઇ દિશામાં આવે તે માલમ પડે છે. (સ. ૧૦) નકશાની દિશા શી રીતે જાણવી ? ઉ. નકશા સામું મોં કરી ઉભા રહીએ તો માથા તરફની ઉત્તર, પગ તરફની દક્ષિણ, જમણા હાથ તરફની પૂર્વ અને ડાબા હાથ તરફની પશ્ચિમ. (ચિત્રમાં નકશાની દિશા બતાવી છે.)

ખૂણા. (પ્ર. ૧) ખૂણા કેટલા છે? ઉ. ચાર. (પ્ર. ૨) ખૂણાનાં નામ બોલો. ઉ. અગ્નિ, નૈરૃત્ય, વાયવ્ય, ઇશાન. (પ્ર. ૩) ખૂણા પારખવાની રીત બોલો. ઉ. પૂર્વ ને દક્ષિણ વચ્ચે અગ્નિ, દક્ષિણ ને પશ્ચિમ વચ્ચે નૈરૃત્ય, પશ્ચિમ ને ઉત્તર વચ્ચે વાયવ્ય અને ઉત્તર ને પૂર્વ વચ્ચે ઇશાન. (ખૂણાની સમજ આ ધોરણમાં પ્રથમ નહિ આપશો તો ચાલશે.)

નકશાનું ભાન. (પ્ર. ૧) નકશો એટલે શું? ઉ. ચિત્ર (આ

ઠેકાણે ગામ, દેશ, કે શહેરનો ચિત્રેલો નમુનો. (પ્ર. ૨) નમુનો એટલે શું? ઉ. આકાર, ઘાટ. (પ્ર. ૩) નિશાળના ઓરડાનો નકશો શી રીતે પાડશો? ઉ. પ્રથમ ઓરડાની દિશા લખવી, પછી ઓરડાની દિશાનું માપ લેવું ત્યારબાદ આટલા ફૂટે એક ઈંચ એ પ્રમાણે નિશાન મૂકવા તેજ કોષ્ટક પ્રમાણે બીજી દિશાનું માપ લઇ ત્યાં નિશાન મુકવા પછી લીટી દોરી લેવી વચ્ચે બારણાં બારી જે દિશામાં હોય તે દિશામાં ઝીણી "બમ્બે" લીટી દોરી બતાવવું. (આ મુજબ નિશાળનો પછી નિશાળથી ગામનો એમ અનુક્રમે પડાવતા શીખવવું.) (પ્ર. ૪) ગામનો કે બીજા સ્થળનો નકશો પાડતાં પહેલાં શું ધ્યાનમાં રાખવું ? ઉ. પ્રત્યક્ષ અવલોકન કરવું, માપ લેવું, તેની નોટ કરવી. (પ્ર. ૫) કિન્ડરગાર્ટન મુજબ માટીના આકારથી ગામનો નકશો શી રીતે બનાવશો ? ઉ. માટીની ઈંટાનો જથ્થો પાસે રાખી ગામની લંબાઇ પહોળાઇ પ્રમાણે ગોઠવવી ગામના મુખ્ય સ્થળો બતાવવાને વચ્ચે ચોરસ બંગલી, વાવ, તળાવ વગેરે આકાર ગોઠવવા. (પ્ર. ૬) નકશામાં લાલ રંગ શું બતાવે છે ? ઉ. બ્રિટિશ (અંગ્રેજી) સરકારની હદ. (પ્ર. ૭) પીળી હદ શું બતાવે છે ? ઉ. ખડીઆ મૂલક (અંગ્રેજ સરકારને ખંડણી ભરનારા દેશી રાજ્ય) (પ્ર. ૮) લીલી હદ શું બતાવે છે? ઉ. સ્વતંત્ર રાજ્યો. (પ્ર. ૯) રેલવેની સડક નકશામાં શી રીતે માલમ પડે છે ? ઉ. લીટી ઉપર પાસે પાસે કાપા પાડેલા છે તેથી. (પ્ર. ૧૦) પગ રસ્તાની સડક શી રીતે ઓળખાય ? ઉ. લાંબી કાપા વગરની જાડી લીટી દોરેલી હોય તેથી. (પ્ર. ૧૧) નદી શી રીતે ઓળખાય ? ઉ. લાંબી વાંકીચુંકી બેવડી લીટી હોય ને વચ્ચે વાદળી

રંગ હોય તેથી. (પ્ર. ૧૨) સરોવર શી રીતે ઓળખાય ? ઉ. કુંડાળા વચ્ચે વાદળી રંગ હોય તેથી. (પ્ર. ૧૩) બેટ શી રીતે ઓળખાય ? ઉ. ઝીણા ઝીણા ટપકાં સાથે મુકેલાં હોય તેથી. (પ્ર. ૧૪) પર્વત શી રીતે ઓળખાય ? ઉ. વાંકીચુંકી લીટી તે પર કાનખજુરા જેવા લીટા હોય તેથી. (પ્ર. ૧૫) સમુદ્ર શી રીતે ઓળખાય ? ઉ. ઘણોજ ભાગ વાદળી હોય તે પરથી.

(નકશામાં આંખને રંજન કરવાને સુંદર રંગો પૂરેલાં હોય છે પણ તે કોના રાજ્યો એ પ્રત્યક્ષ બતાવતા નથી મૂળ પૃથ્વીના નકશામાં ખુલ્લું બતાવેલું છે.)

મહેસુલીખાતું-(પ્ર. ૧) મહેસુલીખાતું શું કામ કરે છે ? ઉ. જમીનની મહેસુલ ઉઘરાવી તેનો હિસાબ રાખે છે. (પ્ર. ૨) ગામની મહેસુલ ઉઘરાવનારને શું કહે છે ? ઉ. તલાટી. (પ્ર. ૩) તલાટીને મદદ કરનાર કોણ હોય છે ? ઉ. મુખી. (પ્ર. ૪) તલાટી અને મુખીના ઉપરીને શું કહે છે ? મામલતદાર. (પ્ર. ૫) મામલતદાર માજીસ્ટ્રેટ ક્યારે કહેવાય ? ઉ. ઇનસાફનું કામ કરે ત્યારે. (પ્ર. ૬) મામલતદાર પર કોણ દેખરેખ રાખે છે ? ઉ. આસિસ્ટંટ કલેકટર અને ડેપ્યુટી કલેકટર. (પ્ર. ૭) આસિ. કલેકટર અને ડેપ્યુટી કલેકટરના ઉપરીને શું કહે છે ? ઉ કલેકટર. (પ્ર. ૮) કલેકટર શું કામ કરે છે ? ઉ. મહેસુલી, પોલિસ, મ્યુનિસિપલ, ઇસ્પિતાલ, બાંધકામ વગેરે ખાતાપર દેખરેખ રાખે છે. (પ્ર. ૯) કલેકટર ઇન્સાફનું કામ કરે ત્યારે એ કયો અધિકારી કહેવાય ? ઉ. ડિસ્ટ્રીકટ માજીસ્ટ્રેટ (પ્ર. ૧૦) કલેકટરને પોલિટિકલ એજંટ ક્યારે કહે છે ? ઉ. જ્યારે દેશી રાજ્યો સંબંધી કામકાજ

પર દેખરેખ રાખવાનું કામ કરે ત્યારે.

પોલિસખાતું—(પ્ર. ૧) પોલિસખાતું શું કામ કરે છે ? ઉ. લોકોના જાન માલનું રક્ષણ કરે છે. (પ્ર. ૨) ગામડામાં પોલિસ અધિકારી કોણ હોય છે ? ઉ. પોલિસ પટેલ. (મુખી) (પ્ર. ૩) તાલુકાના પોલિસના ઉપરીને શું કહે છે ? ઉ. ફોજદાર. (પ્ર. ૪) ફોજદાર ઉપર કોણુ દેખરેખ રાખે છે ? ઉ. ડિસ્ટ્રિકટ પોલિસ ઇન્સ્પેકટર. (પ્ર. ૫) ફોજદાર અને ડિસ્ટ્રિકટ પોલિસ ઇન્સ્પેકટરના ઉપરીને શું કહે છે ? ઉ. પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ.

દિવાનીખાતું—(પ્ર. ૧) દિવાનીખાતું શું કામ કરે છે ? ઉ. લેણદેણનો ઇનસાફ કરે છે. (પ્ર. ૨) શહેરના રૂ. ૫૦૦) ની અંદરના લેણદેણના ઇન્સાફ કરનારી કઈ કોર્ટ છે અને તેના ઉપરીને શું કહે છે ? ઉ. સ્મોલ કાર્જ કોર્ટ અને તેના ઉપરીને સ્મોલ કાર્જ કોર્ટના જડજ સાહેબ કહે છે. (પ્ર. ૩) તાલુકામાં લેણદેણનો ઇન્સાફ કરવાને કઈ કોર્ટ છે ? અને તેના ઉપરીને શું કહે છે ? ઉ. સેકન્ડ કલાસ સબજજ કોર્ટ અને તેના ઉપરીને સબજજ (મુનસફ) સાહેબ કહે છે. (પ્ર. ૪) શહેરમાં સબજજ કોર્ટો કેટલી છે ? ઉ. ફર્સ્ટકલાસ અને સેકન્ડકલાસ. (પ્ર. ૫) જીલ્લામાં ઇન્સાફ કરનાર મુખ્ય અધિકારી કોણ છે ને તે શું કામ કરે છે ? ઉ. ડિસ્ટ્રિકટ જજ તેઓ લેણદેણ સંબંધી બારેદાવા ચુકવે છે તથા નીચલી કોર્ટની અપીલ સાંભળે છે તે ઉપરાંત ખુન, ધાડ, ચોરી, લુંટફાટ વગેરેની અપીલ સાંભળે છે ત્યારે એ સેસનજજ કહેવાય છે. (પ્ર. ૬) ડિસ્ટ્રિકટ જજના હાથ નીચે એ ખાતાના

કયા કયા અધિકારી છે ? ઉ. સ્માલકાજ જડજ ને સબજજ.

વૈદકખાતું (પ્ર. ૧) વૈદકખાતું શું કામ કરે છે ? ઉ. માંદા માણસની માવજત કરે છે તથા તેમને દવા વગેરે આપે છે. (પ્ર. ૨) મોટા તાલુકાઓમાં વૈદક અધિકારી કોણ હોય છે ? ઉ. હોસ્પિતાલ આસિસ્ટંટો. (પ્ર. ૩) હોસ્પિતાલ આસિસ્ટંટના હાથ નીચે કોણ હોય છે ? ઉ. કંપાઉન્ડર (દવા આપનાર) વગેરે. (પ્ર. ૪) હોસ્પિતાલ આસિસ્ટંટના ઉપરી કોણ અને તેઓ કયાં રહે છે ? ઉ. સિવિલ સર્જન. તેઓ જીલ્લાના મુખ્ય શહેરમાં રહે છે.

જાહેર બાંધકામ ખાતું—(પ્ર. ૧) જાહેર બાંધકામખાતું શું શું કામ કરે છે ? ઉ. સરકારી મકાનો, રસ્તા, પૂલો અને સડકો વગેરે બાંધે છે તેમજ સમરાવે છે. (પ્ર. ૨) એ ખાતા તરફથી તાલુકામાં કોણ હોય છે ? ઉ. ઓવરશિયર. (પ્ર. ૩) ઓવરશિયરના ઉપરીને શું કહે છે ? ઉ. એજ્યુકેટીવ ઈજનેર.

કેળવણી ખાતું—(પ્ર. ૧) આસિસ્ટંટ માસ્તરના ઉપરીને શું કહે છે ? ઉ. મહેતાજી. (પ્ર. ૨) નિશાળોની તપાસ રાખવા માટે જીલ્લામાં કોણ છે ? ઉ. ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર (પ્ર. ૩) ડેપ્યુટી એજ્યુકેશનલ ઈન્સ્પેકટરને મદદ કરનાર કોણ ? ઉ. આસિ. ડે૦ એ. ઇન્સ્પેકટરો અને તાલુકા માસ્તરો.

મ્યુનિસિપાલ ખાતું—(પ્ર. ૧) મ્યુનિસિપાલીટી શું શું કામ કરે છે ? ઉ. રસ્તા સાફ રાખવાનું, દિવાબત્તિ સળગાવવાનું, સડકોપર પાણી છાંટવાનું, લોકોની સુખાકારી સંભાળવાનું; શરૂઆતની કેળવણી આપવાનું વગેરે. (પ્ર. ૨) મ્યુનિસિપાલીટીનો ખરચ

શાથી નભે છે ? ઉ. જકાત, બાજર વેરો, ઘર વેરો, ગાડી વેરો, નળ વેરો વગેરેથી. (પ્ર. ૩) મ્યુનિસિપાલીટી કયા ગામમાં હોય અને કયા ગામમાં ન હોય ? ઉ. પાંચહજાર કરતાં વધારે વસ્તી હોય ત્યાં મ્યુનિસિપાલીટી હોય અને એથી ઓછી વસ્તી હોય ત્યાં ન હોય. (પ્ર. ૪) મ્યુનિસિપાલીટીનો કારભાર કોણ ચલાવે છે ? ઉ. સરકાર તરફથી નીમાયલા અને પ્રજા તરફથી ચુંટી કઢાયલા સભાસદો. (પ્ર. ૫) એ સભાસદો શા નામથી ઓળખાય છે ? ઉ. કમિસ્નર. (પ્ર. ૬) મ્યુનિસિપાલીટીમાં સૌથી ઉપરી કોણ અને તેને મદદ કરવાને કોણ કોણ હોય છે? ઉ. પ્રેસીડંટ અને તેને મદદ કરવાને સેક્રેટરી, આસિ૦ સેક્રેટરી, ઇન્સ્પેકર ને કારકુનો વગેરે.

લોકલફંડ ખાતું—(પ્ર. ૧) લોકલફંડ ખાતું શું શું કામ કરે છે ? ઉ. કુવા, તળાવ, રસ્તા વગેરે બંધાવવાનું તથા સ-મરાવવાનું તથા કેળવણી આપવાનું. (પ્ર. ૨) લોકલફંડ ખાતાનો ખરચ શી રીતે ચાલે છે ? ઉ. સરકાર જમીન ઉપર જે મહેસુલ લે છે તે ઉપર દરરૂપીએ એક આનો લોકલફંડનો વધારે લે છે તેમાંથી ચાલે છે. (પ્ર. ૩) લોકલફંડનો વહીવટ કરનાર મંડળને શું કહે છે? ઉ. લોકલબોર્ડ. (પ્ર. ૪) લોકલફંડનો હિસાબ રાખ-નાર અધિકારીને શું કહે છે ? ઉ. લોકલફંડ કલાર્ક.

પોષ્ટ ખાતું—(પ્ર. ૧) પોષ્ટ ખાતું શું કામ કરે છે ? કાગળો, બેંગીઓ, પારસલો તથા પૈસા એક ગામથી બીજે ગામ લઈ જવા લાવવાનું, તથા પૈસા સાચવી તેનું વ્યાજ આપવાનું કામ કરે છે. (પ્ર. ૨) પોષ્ટઓફીસના ઉપરીને શું કહે છે ? ઉ. પોષ્ટમાસ્તર.

(પ્ર. ૩) પોષ્ટમાસ્તરને મદદ કરનાર કોણ કોણ હોય છે ? ઉ. ડે-પ્યુટી પોષ્ટમાસ્તર, કારકુનો, સિપાઈ, ટપાલી વગેરે.

પરચુરણ—ઉપર સિવાય તારખાતું, જંગલ ખાતું, સરવૈખાતું, એગ્રિકલચર ખાતું, આબકારી ખાતું, કસ્ટમ ખાતું, નીમક ખાતું, શીતળા ખાતું, રજીસ્ટર ખાતું વગેરે ઘણાં ખાતાં છે.

સ્થાનિક પેદાશ—ગામમાં કે શહેરમાં કે જીલ્લામાં મુખ્ય પાક થતો હોય તે.

પરદેશ જતી ચીજો—(જે વસ્તુની નીપજ ઘણી થાય તે વસ્તુ પરદેશ જતી ચીજોમાં ગણવી.)

પરદેશથી આવતી ચીજો-(ગામ શહેર કે જીલ્લા પ્રમાણે લોખંડ કામ; કાપડ, ઇમારતી લાકડાં, વગેરે આવતી ચીજો ગણાવવી.

સામાન્ય ભૂગોળ.

સ્કુલના ફરનીચર ઉપરથી ઊંચાણ, નીચાણ, દિશા, માપ વગેરે પ્રશ્નો કરી પૂછવા, છાપરાંનો ઢાળ શા માટે કાઢયો ? તે ઉપરથી ગામનું વરસાદનું પાણી કઇ દિશામાં ને કેવી જગ્યામાં જાય છે પાણી ભરાઇ રહેનારાં સ્થળો કેવી જગ્યામાં છે આ જગ્યા કેવી છે વગેરે પ્રશ્નો પૂછી તે પરથી ઉંચાણ નીચાણ બતાવવાં. પછી ડુંગર, પહાડ, વગેરે પર જવું. રૂતુના પ્રમાણમાં કયો પાક કયારે થાય છે તે જણાવવું તથા તે પાક કેવા મૂલકમાં થાય ને કેવા મૂલકમાં ન થાય તે જણાવવું.

વ્યાખ્યા.

શેરી—સામસામી ઘરોની હાર હોય તે.

મહોલ્લો—ઘણી શેરી મળીને થયેલો ભાગ.

પરું—શહેરનો પાછળથી વધેલો ભાગ.

ગામ--ઘણા ઘરની વસ્તી હોય અને નાનાં ઘરો હોય તે.

કસ્બો—તાલુકાનું સૌથી મોટું ગામ જેમાં ૫૦૦૦ કરતાં વધારે માણસની વસ્તી હોય તે.

શહેર—સારાં મોટાં બજારો, છોબંધ ઘરો, અને ઘણા ઘરની વસ્તી હોય તે.

તાલુકો—ઘણા ગામો મળીને થએલો ભાગ જે મામલતદારના તાબામાં હોય છે તે.

જીલ્લો—કલેકટરના તાબાનો મુલક કે જેમાં ઘણા તાલુકા આવેલા હોય છે તે.

બંદર—નદી કે દરીઆ કાંઠે આવેલું શહેર કે જ્યાંથી ઘણો માલ આવ જા થતો હોય તે.

એજન્સી—દેશી રાજાનો મુલક, જે કલેકટરના તાબામાં હોયછે તે.

એજંટ—દેશી રાજપર દેખરેખ રાખનાર અધિકારી.

તળાવ--(નાનું સરોવર) કે જેની ચાર બાજુ જમીન ને વચ્ચે પાણી હોય છે તે.

બેટ—નાનો દ્વીપ કે જેની ચાર બાજુ પાણી ને વચ્ચે જમીન હોય તે.

પહાડ—(પર્વત) (મોટા ડુંગરા) કે જે ઘણાજ ઊંચા તથા લાંબા પહોળા ટેકરા મળી થએલા હોય તે.

નદી—મીઠા પાણીનો પ્રવાહ પર્વત અથવા સરોવરમાંથી નીકળીને નીચાણ જગાપર થઇ મોટી નદી અથવા દરીઆને મળે છે તે.

સમુદ્ર--ખારા પાણીનો ભાગ, આગબોટ વગેરેનો માલ લાવવાનો ધોરી રસ્તો, કે નદીને મળવાનું ઠેકાણું.

મીઠબંદર—મીઠું પકવવાને મુકરર કરેલી જગ્યા.

હવા ખાવાનું ઠેકાણું—કે જે જગ્યાપર બારીને ખુલ્લી હવા હોય તે અથવા ડુંગરાવાળી જગ્યા કે જ્યાં ચોકખી ને ઠંડી હવા આવે તે.

તીર્થસ્થળ—(જાત્રાનાં ઠેકાણાં) કે જેનું મહાત્મ ઘણે દૂર સુધી જણાતું હોય ને પુષ્કળ જાત્રાળુ આવતા હોય તે જગ્યા.

પ્રત્યક્ષ અવલોકન કરાવવા સંબંધી.

૧ ગામ, શહેર બતાવવાને તેવો ભાગ ઈંટોથી ગોઠવવો, વચ્ચે નિશાળ, બજાર, દવાખાનાં, ધર્મશાળા વગેરે પ્રખ્યાત સ્થળ ગોઠવવાં. (તેવો આકાર ગોઠવાય નહિ તો એંધાણી મુકવી.)

૨ તાલુકો કે જીલ્લો બતાવવાને લંબગોળ, ઉપસેલો ગોળ, કે બેઠેલો ગોળ કે ચોરસ જેવી આકૃતિ હોય તે પ્રમાણે ઈંટો ગોઠવવી વચ્ચે પ્રખ્યાત ગામો બતાવવાને ઉંચી ઈંટોની બંગલી ગોઠવવી વચ્ચે નદી બતાવવાને માટીની સર્પાકૃતિએ ઈંટો ગોઠવવી અથવા માટીની પાળ બાંધી લેવી. ડુંગર બતાવવાને ગોળા ઉપરા છાપારી ચઢાવવા. સરોવર અથવા તળાવ બતાવવાને ગોળ આકારમાં ઈંટો ગોઠવવી. બેટ અથવા દ્વિપ બતાવવાને પાણીનું વાસણ લઇ તેમાં ગોળાકાર સપાટ ગોઠવવો. પણ તે પાણીની સપાટી કરતાં ઉંચો માલમ પડવો જોઇએ. ઉપર પ્રમાણે બધા દેખાવો પ્રથમ ગોઠવ્યા પછી તેનું ભાનકરાવવું.

ડ્રિલ માટે આપેલી સૂચના પહેલી ચોપડીના અર્થમાં જુઓ.

ડમ્બેલ્સની ડ્રિલ.

દરેક રમત ૧૧ સુધી કરાવી બારે ડમ્બેલ્સ પડેલા મૂકેલા હતા તે પ્રમાણે મૂકાવી દેવડાવવા.

હેતુ—છાતી તથા હાથના સ્નાયુ ખીલાવવાનો

રમત ૧૧ મી ૧) જમણો હાથ ઉંચો. ૨) જમણા હાથની મુઠી મોં તરફથી લઇ ફેરવીને જમણો હાથ ઉંચો રાખવો.

રમત. ૧૨ મી ૧) ડાબો હાથ ઉંચો. ૨) ડાબા હાથની મુઠી મોં તરફથી લઈ ફેરવીને હાથ ઉંચો રાખવો.

રમત. ૧૩ મી ૧) જમણો હાથ ઉંચો. ૨) જમણો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત ૧૪ મી ૧) ડાબો હાથ ઉંચો. ૨) ડાબો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત. ૧૫ મી. બેઉ હાથ ઉંચા રાખવા. ૧) જમણા હાથની મુઠી મોં તરફથી લઈ ફેરવીને જમણો હાથ ઉંચો રાખવો ૨) ડાબા હાથની મુઠી મોં તરફથી લઈ ફેરવીને ડાબો હાથ ઉંચો રાખવો.

રમત. ૧૬ મી. બેઉ હાથ ઊંચા રાખવા. ૧) જમણો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો, ૨) ડાબો હાથ માથા પાછળથી લઇ ફેરવીને ઉંચો રાખવો.

રમત. ૧૭ મી. બેઉ હાથ ઉંચા ૧) જમણો હાથ માથા ઉપરથી (મોં તરફથી) લઈ ફેરવીને ઊંચો રાખવો. ૨) ડાબો હાથ માથા ઉપરથી (મોં તરફથી) લઇ. ફેરવીને ઉંચો રાખવો.

રમત. ૧૮ મી. ૧) બેઉ હાથ સામા લાંબા (મુઠીઓ જમીન તરફ) ૨) બેઉ હાથ બગલ આગળ લાવવા (કોણીઓ પાછલી તરફ)

રમત. ૧૯ મી ૧) બેઉ હાથ સામા લાંબા (મુઠીઓ જમીન તરફ) ૨) બે હાથ પાછળ લાંબા (મુઠીઓ આકાશ તરફ).

રમત. ૨૦ મી (બે પગ વચ્ચે એક ફૂટનું અંતર રાખવું.) ૧) બેઉ હાથ ઊંચા. ૨) બેઉ હાથ પગનાં આંગળાં આગળ.

પાઠવાર જોડાક્ષર તથા અઘરા શબ્દો.

પરમેશ્વર	વર્ટમાર્ણ્ણ	ભક્તિ	ધર્મશાળા	પૃથ્વી
બતાવ્યા	બાંધ્યું	આવ્યો	ચંદ્રમા	સરજ્યાં
બનાવ્યાં	કર્યું	ભમર	ઝુલ્લાં	પૂર્વે
ચંદ્ર	પડ્યું	ધ્યાન	રહ્યો	પુત્ર
પ્રભુ	પર્વ	શ્રાવણ	વસ્ત્ર	ત્રીસ
ચૈત્ર	કાઢ્યા	દ્રાક્ષ	રસ્તે	મળ્યો
ચાલ્યાં	પિત્તળ	લક્કડ	આપ્યું	દોસ્ત
ભાગ્યશાળી	કૂકડ	સજ્જડ	પ્રેમ	ડાહ્યો
કહ્યું	પૂછ્યું	ત્રણે	પકડ્યો	પડ્યો
ઝાલ્યો	છપ્પો	વિદ્યા	મસ્તી	પુત્ર
બાંધ્યો	પાડ્યું	શીખ્યો	વિચાર્યું	ગમ્યું
ચઢ્યું	પહોંચાડ્યો	માર્યો	સરજ્યો	માંડ્યું
જક્કી	બચ્યું	પ્રાણી	રાખ્યા	અજાણ્યું
લાગ્યું	સમજાવ્યું	ઊંધ્યાં	ફાવ્યો	પહોંચ્યું
માંડ્યું	આણ્યું	પસ્તાયો	મુદ્દલ	ગમ્યું
ઊઠ્યો	કરડ્યો	પહેર્યો	ફાવ્યો	બીડ્યો
છઠ્ઠી	યત્ન	ચકભિલ્લુ	ચક્કર	કચ્છ
પ્રમાણે	ઠરાવ્યા	ઠર્યા	બન્યા	કિલ્લો
ઉઠાડ્યા	રમ્યા	દઢ	જુદી	મિત્ર
બોલ્યો	ક્યારે	જામ્યો	ક્યાં	પાળ્યું
અર્ધું	સ્વાદે	ધાન્ય	ભાગ્યું	દોડ્યો
કૂદ્યું	પસ્તાયો	જણાવ્યો	દાબ્યો	કલેશ
કદા	બાંધ્યો	અપાવ્યું	માગ્યું	રામચંદ્રજી
શ્રીરામ	કૌશલ્યા	પ્રધાન	જંત્ર	દર્પણ

પૂર્વ	ઉગ્યો	ઇચ્છા	ધર્યાં	માર્યાં
ગણકાર્યું	સર્વે	રાખ્યું	શક્યું	ચઢ્યાં
વળ્યું	મંગાવ્યા	વિચાર્યું	બ્રાહ્મણ	ગુસ્સો
વિદ્યાર્થી	મૂર્ખ	પુત્ર	ભક્ત	ઇશ્વર
નાંખ્યું	માર્યો	પસ્તાઇ	ગાર્ડ	કેળવ્યો
સ્ટેશન	સોંપ્યો	પાળ્યો	નવાડ્યો	ત્રીજા
જણાવ્યું	મિત્ર	બચ્યા	ફેંક્યું	બાંધ્યો
ખસેડ્યા	ખવડાવ્યા	માન્યો	ઓઢ્યો	અલ્લા
સાંભળ્યો	ચોકખું	જડ્યું	અર્ધી	ગુમાવ્યું
ઉચક્યા	ખુલ્લું	બગાડ્યું	ડર્યો	નિહાળ્યું
હલાવ્યું	ભુખ્યા	લજવ્યું	વળ્યું	ઝાલ્યું
બચાવ્યું	ભર્યા	પડ્યું	ભરી	દાઝ્યું
રડ્યું ખડ્યું	આપકર્મી	બાપકર્મી	પ્રાર્થના	તીર્થ
દુશ્મન	પરણાવ્યો	છોડ્યું	પર્વ	લશ્કર
ફેંક્યો	ભેટ્યા	ચર્યો	ફુલાવ્યું	ઉતર્યો
ચોકમાં	ભૂલ્યો	ધ્રૂજતો	ધ્રૂજે	પહેર્યાં
સ્ત્રી	જડ્યો	અર્ધા	પુષ્કળ	સરજાવ્યા
સૂર્ય	પલ્લવ	સ્હાય	વનસ્પતિ	સ્વાદ
પશ્ચિમ	ઉત્તર	માસ્તર	સ્લેટ	વિજ્યા
મધ્ય	વચ્ચે	શીખ્યો	મુકાવ્યું	ક્યારડા
વર્ગ	વળ્યા	લલ્લુ	ઇશ્વરલાલ	બતાવ્યું
બંદોબસ્ત	ડાકતર	ખેડ્યું	લક્ષ્મણ	નિર્દય
છિદ્રો	સિક્કા	અત્તર	ઉગ્યું	ગુચ્છો
ટટ્ટુ	ઉત્તમ	અન્ન	ડુક્કર	તત્કાળ
ઉપયોગી	વસ્તુ	પ્રીતિ	ટટ્ટી	નક્કર

ટહુ	કહ્યાગરૂં	ખચ્ચર	વળા	ઇંદ્રિયો
સ્વાદ	છુટી	વત્તા	બાસ્તો	ફરાવ્યાં
ગવૈયા	તિથિ	પખવાડીઆ	સરયા	ઠીકરૂં
નિશાન	મસ્તી	અટકચાળાં	ઓસડવેસડ	શિકારી
અભાગીઉં	વિઆય	ગોંધતો	રિસાળ	ઢોંગ
ભાગ્યે	પાટલુન	અનંત	નિરધાર	ભૂલથાપ
ટપોટપ	પેંતરા	બહાદુરી	ગેડીદડા	કુટુંબ
સોહામણી	અંગેઠી	ઢીંગલી	સહીઅરો	સંતાપ
ચીથરાં	વિવાહ	નિંદે	ખેંચતાણુ	બળવંતા
જોડઝપટ	માદળીઉં	ધંતરમંતર	ભાંગીતુટી	કચરોપુંજો
હુંફાળું	શીરનામું	સિસોટી	મિનિટ	સંદેશો
ઢીંગણું	દોરડું	હિંચોળે	ફરજંદ	નીમણુક
ચીતરામણુ	હોશિઆર	ઢેકાં	કિનારે	હાનત
ભાટકું	સંદેહ	હાવકું	આભડાયો	કુતરૂં
લુગડું	જોળમરોળ	ચટાપટા	શિખામણુ	સંપત
ઝુલતાં	દેશાવર	ખુબસુરતી	બરદાસ	દુઃખ
ખડખડાટ	દુબળા	સંકટ	પારખી	શીંગડાં
જરદી	ધગધગતી	સિંહ	પિઅર	ટાંકણું
ઓચીંતી	રાજપાટ	તડંગણુમ	તડકતો	ચઢાઇ
મમત	ઉપરાંત	સાહુકાર	તળાવડી	ઝોબો
ખંતીલા	અંગુઠીઆં	ઢુંકડું	જગપતિ	મહિમા
સરિતા	સિંધુ	વિશાળ	માતેલા	વિશેષ
હિક્ષા	કસરતશાળા	આથમણી	દક્ષિણુ	ફુટપટી
ખુરસી	નિચાણુ	નિશાળ	અધિકારી	કુંડી
ટપાલી	શિયાળો	ઘોંઘાટ	દાતણુ	ટિકીટ

સેકન્ડ	જંતુ	વિષે	કોથળો	કંસારા
કથરોટ	ચંબુ	તાંબાકુંડી	ટંકશાળ	તાંબું
ચળકાટ	મજાગરાં	શિરોષ	થાળી	બેઠા
ખુજલી	સુપડાં	ઝીઝવો	ધુપેલ	સુંવાળો
તંબાકુ	સુગંધ	પાંદડાં	સળંગ	સેંકડો
રાતડીઆ	મહીકાંઠા	ઢેબરાં	હળપુણી	ધુસરી
સંતોષ	કોવત	કોઢ	ગોંધ	અથાણું
ચટણી	ફુલ	પાકટ	વેંત	તાવડા
શિઆળવાં	હિસાબ	સફેદ	ઘઉં	રક્ષણુ
મધપુડો	ઈંડાં	આળસુ	છુવડાં	ચીકટ
કુકડો	હાંડીઓ	ભિજાતુ	દાઢ	આંગળાં
મજબુત	મજબુત	ખુણેખોચરે	ભુરો	નુકસાન
હાબડો	નીભઠહલાલ	સુંવાળા	ભુસું	સરત
નાળબંધ	અડીઅલ	ગધેડું	ભુ કે	પુંછડી
કુંડું	તાળવું	ટીચણુ	કાંડુ	ઘુંટી
ધબાકો	સ્વાદ	સુંઠી	જાંઘ	સાથળ
જ્ઞાન	સલ્લા	કેસરીઓ	ઢાંકણુ	ફુલાલીન
રુઆંટી	હોશીવાણીઆ	ભીંગડાં	શીંગડાં	ડીલ
બેન	છીંટ	સુથાર	ઉજાસ	વૈશાખ
અષાડ	સગડી	ઢેડ	મહેનત	હિરાળી
ચિપાઇ	ટીકરું	ફુંક	ગાદરાં	હંડ
મજ	વડ	વીંછી	પસ્તાયો	પુતળું
મુંજ	ભુખ્યો	સાંઠા	સંબંધી	ફીકર
ઢેકડા	ઉદેસીંગ	ભિખારી	હંમેશાં	જોટવા

સમાપ્ત.

જાહેર ખબર.

કિન્ડરગાર્ટન સીસ્ટમ મુજબ. નવાં ધોરણ મ

મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કંo તરફથી બહાર પડેલાં

બાળવર્ગની નોટ	૦-૧-૬	સાતમીના અર્થ	૦-૮
પહેલીના અર્થ	૦-૨-૦	પદાર્થપાઠ ભા. ૧ લો	૦-[illegible]
બીજીના અર્થ	૦-૩-૦	પદાર્થપાઠ ભા. ૨. જો.	૦-૫
ત્રીજીના અર્થ	૦-૪-૦	ભૂગોળ પ્રવેશ	૦-૫
ચોથીના અર્થ	૦-૫-૦	મૂળાક્ષર શિક્ષા	૦-૧
પાંચમીના અર્થ	૦-૬-૦	સુરત શહેરનો નકશો	૦-૧
છઠ્ઠીના અર્થ	૦-૭-૦	ચોગાસીતાપુકાનો ,,	૦-૧-૦

કન્યા વાચનમાળા પુસ્તક પહેલાના અર્થ ૦-૩-૦

કન્યા વાચનમાળા પુસ્તક બીજાના અર્થ ૦-૪-૦

કન્યા વાચનમાળા પુસ્તક ત્રીજાના અર્થ છપાય છે.

પત્ર વ્યવહાર નીચેના સરનામે કરો.

શાહપોર સુરત. } મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કંના સોલ એજન્ટ શા. મગનલાલ મોતીરામ

ચોખા જુના ???

ક્યાંથી ખરીદશો !!

સુરત ચોખાની મીલમાંથી ?

કારણ કે ???

સસ્તા, સારા, અને વળી ખાતરીના

મુલાકાત કરો અને પછી જુવો. !!!

ઠેકાણું-રૂઘનાથપુરા—સુરત